બ) વ્યવહાર કોઈએ ખોરવ્યો તારટપાલનો.

* **કેવી તે લખો.**

૧) ગાંધીજીના મંત્રની લોકો પરની અસર [ ]

૨) પારિજાતકની સુગંધ [ ]

૩) જીવનપ્રસંગનું સ્મરણ અનુભવાતી લાગણી [ ]

૪) ધન્યજીવન પ્રસંગનું સ્મરણ તાજું કરતાં આવતી લાગણી [ ]

(જાદુઈ, પુલકિત, સંતોષ, નાજુક)

* **નીચેના વિશેષણો યોગ્ય સ્થાને મૂકી ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(મ્લાન, વ્યગ્ર, તાજું, થોડાક)

૧) મને આજે જીવનના ............ પ્રસંગો યાદ આવે છે.

૨) ............હૃદયે મૃણાલે મુંજને છેલ્લી ભિક્ષા આપી.

૩) આખો દિવસ ............. ચિત્તે શહેરના ધૂંદવાતા વાતાવરણમાં અમે ફર્યા કર્યું.

૪) .............. દૂધ મહાદેવને ચઢે.

* **અભિવ્યક્તિ**

૧) ગાંધીજીના મહામંત્રની લોકો પર થયેલી અસર તમારાં શબ્દોમાં જણાવો.

૨) દેશભક્તિના કાવ્યની કોઈપણ બે પંક્તિ લખી, તેનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

૩) 'કોમી રમખાણોથી રાષ્ટ્રને ઘણું નુકસાન થાય છે.' એ વિધાનના અનુસંધાનમાં આપના વિચારો જણાવો.

## પાઠ- ૭

## ૧) એક અપુત્ર માણસનો પ્રબંધ

**- મોહનલાલ પટેલ**

* **આકલન :-**

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧) જીવણલાલ નિઃસંતાન હતા.

૨) કોઈ એમનું કામ કરી દે તે જીવણલાલને ગમતું.

૩) ફળિયાના લોકો સિવાય બધા જ તેમને મદદ કરતાં.

૪) પ્રૌઢવયમાં તો એ વિવિધ રીતે મનને સમજાવી લેતાં.

* **નીચેની ઘટનાઓ યોગ્ય ક્રમે ગોઠવો.**

૧) સિત્તેર વર્ષ વટાવ્યા પછી એમનો આ ભાવ તીવ્ર થવા લાગ્યો.

૨) આ બધી ઝંઝટમાંથી એમને થોડી મુક્તિ હતી?

૩) જીવણલાલ બધી રીતે સુખી હતા.

૪) દયનીય સ્થિતિ તો એમને કદીય માન્ય નહોતી.

* **આકૃતિ પૂર્ણ કરો.**

૧) જીવણલાલને કરવા પડતાં કામ



૨) કોઈના પુત્રના લક્ષણો
(ગદ્યને આધારે)



૩)




| |
|---|
| **પાનું નં. ૮૮** |
| **[ જીવણલાલ બધી રીતે............** |
| **........................પુત્રના પિતા હોવું એ બહેતર છે. ]** |

* **ખાલી જગ્યા પૂરો.**

૧) એ એમના ............... નું કારણ હતું.

૨) ............ સ્થિતિ તો એમને કદીપ માન્ય નહોતી.

૩) વૃદ્ધાવસ્થામાં ડગલે ને પગલે એમને કોઈની ............... જરૂર પડવા લાગી.

૪) એમને ફળિયાના કોઈને કોઈ ................ની મદદ લેવી પડતી હતી.

* **શબ્દોની યોગ્ય ગોઠવણી કરી અર્થયુક્ત વિધાન તૈયાર કરો.**

૧) હૈયામાં ઊંડે ઊંડે જીવણલાલ છતાં અનુભવતા ઓશિયાળાપણું.

૨) હતા રીતે સુખી બધી જીવણલાલ.

૩) એમને માન્ય કદીય નહોતી તો દયનીય સ્થિતિ

૪) તીવ્ર પછી એમનો આ ભાવ લાગ્યો થવા વર્ષ વટાવ્યા સિત્તેર.

**શબ્દ સંપત્તિ**

* **આપેલ કોષ્ટક પૂર્ણ કરો.**




* **વિકલ્પ શોધી જવાબ લખો.**

૧) કોઈનો રખડુ છોકરો એમના માટે.............. કારણ બની શકતો નહોતો.

આશ્વાસન | દુ:ખ | ક્રોધ | આનંદ

૨) ........... વયમાં તો એ વિવિધ રીતે મનને સમજાવી લેતા

બાળ | પ્રૌઢ | કુમળી | આધેડ

૩) સિત્તેર વર્ષ વટાવ્યા પછી એમનો આ ભાવ ............... થવા લાગ્યો.

તીવ્ર | શાંત | ઉગ્ર | મોટો

* **જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧) સુખી × ............. | અ) આંગણું |
| ૨) દુરાચારી × .......... | બ) મોક્ષ |
| ૩) ફળિયું = .......... | ક) સદાચારી |
| ૪) મુક્તિ = .......... | ડ) દુ:ખી |

* **ચોથો યોગ્ય શબ્દ લખો.**

૧) આશીર્વાદ : વરદાન : : સહાયતા : ....................

૨) માન્ય : અમાન્ય : : મંદ : ....................

૩) રખડવું : રખડુ : : ભટકવું : ..................

૪) દયા : દયનીય : : સ્થાન : ....................

* **જોડણી શુદ્ધ કરી શબ્દ ફરીથી લખો.**

૧) સહાનુભુતી  ૨) ડેલીફોન  ૩) જિવણલાલ  ૪) નિસતાંન

* **કોઠો પૂર્ણ કરો.**

| પુત્ર-પુત્રી વિનાના | ખરાબ આચરણ થનાર | શાતા | નરમ |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| | | | |

(શિથિલ,  નિ:સંતાન,  સહાનુભૂતિ,  દુરાચારી)

* **અભિવ્યક્તિ**

૧) જીવણલાલના હૃદયમાં ઉભરાતી વિવિધ લાગણીઓ વર્ણવો.

૨) એકાંકી જીવન જીવતા, પુત્રએ ત્યજેલા વૃદ્ધની વેદના વર્ણવો.

૩) 'ઘડપણ જીરવવું દોહયલું રે........'' પંક્તિની યથાર્થતા ચર્ચો.

## પાઠ- ૭

## ૨) ઢાલ

**- ભગવત સુથાર**

* **આકલન :-**

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧) લગભગ ડાયરીનું છેલ્લું પાનું ખાલી હતું.

૨) અભય પાનાં ઉથલાવવા માંડ્યો.

૩) મારો બાળલંગોટિયો મિત્ર અજિત તો ક્યાંય દેખાતો જ નહોતો.

૪) નગરપતિ ગણાતો શ્રેષ્ઠી ચારુદત્ત આજે ધનવાન થઈ ગયો છે.

* **નીચેના વિધાનો યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) તેની પત્ની સુષમા કોઠાડાહી હતી.

૨) ખાસ દોસ્ત અજિતે તેને ચેતવ્યો હતો.

૩) આ જીવનસંગ્રામના કપરા દિવસોમાં તે મોખરે રહ્યો છે.

૪) અભય પાના ઉથલાવવા માંડ્યો હતો.

*  **યોગ્ય પર્યાય શોધી વિધાન  પૂર્ણ કરો.**

૧) અભય ................ નાટ્યકાર શુદ્રકનું નાટક 'મૃચ્છ કટિકમ્' વાંચતો હતો.

અ) ગુજરાતી  બ) મરાઠી  ક) સંસ્કૃત  ડ) અંગ્રેજી

૨) ''અભય, તું.............. છે, સાચવજે. બધો રસ.''

અ) મધપૂડો  બ) મૂર્ખ  ક) ભોળો  ડ) નાદાન

૩) નોકરીમાં ડિપૉઝિટની રકમ માટે પોતાની પત્નીનું .................. પણ તેણે વેચી મારેલું.

અ) બંગડી  બ) ચેન  ક) મંગળસૂત્ર  ડ) વીંટી

૪) આ જીવનસંગ્રામના કપરા દિવસોમાં તે .............. રહ્યો છે.

અ) મોખરે  બ) સાથે  ક) પાછળ  ડ) આગળ પડતો

*  **આકૃતિ પૂર્ણ કરો.**




**પાનું નં. ૯૨**
**અભય સંસ્કૃત નાટ્યકાર .............**
**.........................તે મોખરે રહ્યો છે.**

*  **ખાલી જગ્યા પૂરો.**

અ) અભય સંસ્કૃત નાટ્યકાર ...............નું નાટક મૃચ્છકટિકમ્ વાંચતો હતો.

બ) અભયની પત્ની સુષમા .................. હતી.

ક) પણ મધપૂડો રસહીન થતાં ............... આવે ખરી.

ડ) લગભગ ................ નું કોઈ પાન ખાલી નહોતું.

* **શબ્દસંપત્તિ :**

*  **અયોગ્ય શબ્દ શોધી લખો.**

૧) શુદ્રક,  નાટક,  અભય,  ચારુદત્ત

૨) ડાયરી,  પાનાં,  અક્ષરો,  બચપણ

૩) ફી,  ઇન્ટરવ્યૂ,  અક્ષરો,  ડિપૉઝિટ

૪) દાતા,  હરીફ,  શત્રુ,  પોશાક

*  **શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વિધાન તૈયાર કરો.**

૧) દેખાતો મારો અજિત બાળલંગોટિયો તો નથી કયાંય મિત્ર

૨) જમા એકાદ પાન દેખાતો થયેલો પણ પર આંકડો.

* **આપેલા શબ્દનો અભ્યાસ કરી, જવાબ લખો.**

અ) 'નારી' નું લિંગ બદલો | નગરપતિ | ................

બ) 'ભરથાર' માટે વપરાયેલ શબ્દ - .................

ક) 'પર્વત' નો પર્યાયી શબ્દ - .................

ડ) ફળનો ગર્ભ = .................

* **ચોકઠામાં ખૂટતો અક્ષર લખી, અર્થપૂર્ણ શબ્દ તૈયાર કરો.**

૧) સગુંવ☐લું  ૨) સ્વ ☐ જા  ૩) ☐ઠાડાહી  ૪) સં☐મ

* **આકૃતિ પૂર્ણ કરો.**




* **જોડકાં જોડો**

| | |
|---|---|
| ૧) નિર્ધન | અ) રસદાર |
| ૨) મિત્ર | બ) દુઃખી |
| ૩) સુખી | ક) ધનવાન |
| ૪) રસહીન | ડ) શત્રુ |

*

| (અ) | (બ) |
|---|---|
| ૧) અભય | ૧) અચંબો |
| ૨) આશ્ચર્ય | ૨) પ્રતિસ્પર્ધી |
| ૩) શત્રુ | ૩) નીડર |
| ૪) હરીફ | ૪) અરિ |

(અવર્તુળના શબ્દોને બ વર્તુળના શબ્દો સાથે લાઈનદ્વારા જોડો)

* **નીચે આપેલ કોષ્ટકમાંથી ત્રણ અક્ષરવાળા યોગ્ય શબ્દો શોધી લખો.**

ઉદા. અભય

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પો | મૂ | લ | ન | ડ | ણ | પ |
| શા | અ | ક્ષ | રો | રી | ચ | ર |
| ક | જિ | ભ | ક | પ | રા | બ |
| ર | ત | ટ | ય | બા | ળ | નિ |
| ણ | ના | ડા | શ | મ | ડ | લ |
| ર | ક | મ | કો | ઠા | ડા | હી |
| આં | ગ | ણ | પો | મં | ગ | ળ |

* **કોઠો પૂર્ણ કરો.**

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| ------- | ------- | ------- | ------- |

(શુદ્રક, જોયું હતું, કપરાં, તે)

* **આકૃતિ પૂર્ણ કરો.**

અભયને બારણે આવનાર



(૧) (૨) (૩) (૪)

*




* **અભિવ્યક્તિ**

૧) અભયના સ્થાને તમે પોતાની જાતને મૂકી તમારા મંતવ્યો રજૂ કરો.

૨) અભય જે નાટક વાંચે છે તેને તે વર્તમાન પરિસ્થિતિ સાથે કેવી રીતે સરખાવે છે?

૩) અજિત, અભયને મધપૂડા સાથે કેમ સરખાવે છે? આ અંગે વિસ્તારથી સ્પષ્ટતા રજૂ કરો.

પાઠ- ૮

# મારો અસબાબ

– સરોજ પાઠક

* **આકલન :-**

* **નીચેના વિધાનો યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) આ સમયે તો નિકુંજ ઘરમાં જ હોવો જોઈએ.

૨) ઘરનો પરિચિત વળાંક આવ્યો ત્યારે તો પેટમાં ફાળ જ પડી ગઈ.

૩) એવો જ ચીરી નાખતો હોય એવો કર્કશ અવાજ જગાડ્યો....

૪) મને જોઈ તે સફાળો બેઠો થઈ ગયો.

* **આપેલા ચોકઠામાં એક શબ્દમાં જવાબ લખો.**

૧) કેવા વિચારો?.............

૨) કેવા શ્વાસે?............

૩) શેની રકાબી? ............

૪) પગમાંથી શું ઓસરવા માંડ્યું?............

* **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો.**

૧) પાડોશીઓ જાણે ઈચ્છાપૂર્વક ઘર બહાર ડોકાતાં નહોતાં (   )

૨) ટેકસીને ભાડું ચૂકવી હું ધીમા શ્વાસે ઉપર દોડી ગઈ (   )

૩) ગંદા વિચારોએ અજીતના મનમાં તોફાન મચાવી દીધું (   )

૪) મને જોઈને તે સફાળો બેઠો થઈ ગયો. (   )

* **યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) મોટરોની વચ્ચેથી દોડીને રસ્તો ઓળંગી જતાં લોકો માટે હું ........

અ) મનમાં વિચાર કરવા લાગી જતી.

બ) મનમાં ચિંતા કરવા લાગી જતી.

ક) મનમાં પ્રાર્થના કરવા લાગી જતી.

૨) ટેકસીનું ભાડું ચૂકવી હું .................

અ) ઉપર દોડી ગઈ.

બ) ઊભા શ્વાસે હું ઉપર દોડી ગઈ.

ક) ઘરમાં ધીમે પગલે ગઈ.

૩) ............ નું ડ્રાઈવિંગ ન જોવાઈ જાય એમ હું ઈચ્છતી હતી.

અ) મોટર-એમ્બ્યૂલન્સનું   બ) લૉરી-ખટારાઓનું   ક) કાર-ટ્રકોનું

૪) આ સમયે તો ................ ઘરમાં જ હોવો જોઈએ.

અ) નિકુંજ   બ) અભય   ક) અજય

**પાનું નં. ૯૯**
**[ ટેક્સીનું ઘર તરફનું અંતર .............**
**..........................લગભગ ઊંચકી જ લીધી. ]**

* **ખાલી જગ્યા પૂરો.**

૧) ચાલુ બસે વળાંક પર ઊતરી પડતાં માણસો જોતાં નિકુંજના............ મારા રૂવાં ઊભાં કરી દેતાં.

૨) ..........યોદ્ધાની જેમ ઉપર જતાં જ મેં ઘરના વસાયેલા દરવાજાને અધીર હાથોએ ફટાક દઈને ખોલી દીધા.

૩) મારા પગમાંથી ................ ઓસરવા માંડી.

૪) ઘરનો ............ વળાંક આવ્યો ત્યારે તો પેટમાં ફાળ જ પડી ગઈ.

* **ગદ્યાંશમાંથી કોઈપણ ચાર અગુજરાતી (અંગ્રેજી) શબ્દ શોધીને લખો.**

* **ચોકઠામાં યોગ્ય અક્ષર લખી શબ્દ પૂર્ણ કરો.**

૧) કુ ☐ હલ   ૨) વ ☐ યેલું   ૩) મર ☐ ચા   ૪) ☐ ફાળો

* **શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય તૈયાર કરો.**

૧) કેમ ઘર છે વસાયેલું દેખાય?

૨) ઘરનો પરિચિત પેટમાં ત્યારે તો ફાળ વળાંક આવ્યો જ પડી ગઈ.

**શબ્દસંપત્તિ કૃતિ** **૧)** આકૃતિ પૂર્ણ કરો.

૧)




૨) આકૃતિ પૂર્ણ કરો. (આપેલા શબ્દના ચાર વિવિધ અર્થ લખો)



* **ગદ્યમાંથી શોધી કોઠો પૂર્ણ કરો.**

| સ્વર | સ્વરથી શરૂ થતાં શબ્દો |
|---|---|
| અ............... | ......................... |
| આ ............... | ........................ |
| ઇ ............... | ........................ |
| ઊ................. | ........................ |

* **જોડકાં જોડો.**

| | | |
|---|---|---|
| ૧) | તીવ્ર જિજ્ઞાસા | અ) કર્કશ |
| ૨) | ભેદ | બ) ઈરાદો |
| ૩) | ઉદ્દેશ | ક) કુતૂહલ |
| ૪) | અપ્રિય અવાજ | ડ) અંતર |

* **કોઠો પૂર્ણ કરો.**




(ટોળુ, તમારા, કર્કશ, મોટર)

* **આપેલા અર્થ સામે યોગ્ય રૂઢિપ્રયોગ લખો.**

૧) તીવ્ર જિજ્ઞાસા થવી

૨) ડર લાગવો

૩) ગાત્ર ઢીલા થઈ જવા

૪) હાર ન સ્વીકારવી




## અભિવ્યક્તિ

૧) ઘરે પાછી ફરતી નિધિના મનોભાવ વર્ણવો.

૨) તમે ક્યારેય ઉતાવળા ઉતાવળા ઘરે ગયા હોય તે વખતના પ્રસંગનું વર્ણન કરો.

૩) અચાનક નિધિના આવી જવાથી નિકુંજને પણ આશ્ચર્ય થયું...... આ બન્નેના આશ્ચર્યમાં તમને ગમેલા પાત્રના મનોભાવ વર્ણવો.